*UA-2045*

# UA-2045

## First Year B. A. (Sem. II) Examination
**February/March – 2012**
## Gujarati
*(Foundation Compulsory)*
*(Bhasha Sahitya Kaushal - II)*

Time : Hours] [Total Marks : **70**

**સૂચના :**

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **F. Y. B. A. (Sem. 2)**

Name of the Subject :
☛ **Gujarati**

☛ Subject Code No. : **2 0 4 5** ☛ Section No. (1, 2,.....) : **NIL**

Seat No. :

Student's Signature

૧ સાહિત્યની ભાષા વ્યવહારની ભાષાથી કઈ રીતે જુદી પડે છે, તમારા શબ્દોમાં સમજાવો. ૧૮

**અથવા**

૧ ''સાહિત્યની ભાષામાં શબ્દો અવનવીન અર્થસૌન્દર્ય પ્રગટ કરે તે રીતે પ્રયોજવા જોઈએ'' વિધાનની સમીક્ષા કરો. ૧૮

૨ કોઈ પણ **એક** વિશે નિબંધ લખો : ૧૭

(૧) ભ્રષ્ટાચાર રાષ્ટ્રવ્યાપી દૂષણ

(૨) યૌવન એટલે જીવનની વસંત

(૩) વિજ્ઞાન : આશીર્વાદ કે અભિશાપ ?

(૪) મારો પ્રિય સાહિત્યકાર

૩ કોઈ પણ બે વિચાર વિસ્તાર સમજાવો : ૧૮

(૧) ઊંચી-નીચી ફર્યા કરે જીવનની ઘટમાળ,ા
ભરતી તેની ઓટ છે, ઓટ પછી જુવાળ.

(૨) નિશાન ચૂક માફ, નહિ માફ નીચું નિશાન.

(૩) બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું,
સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલતનું.

(૪) જગની સૌ કડીઓમાં સ્નેહની સર્વથી વડી.

૪ કોઈ પણ એક પરિચ્છેદના સારાંશ લખો અને તેને યોગ્ય શીર્ષક આપો : ૧૭

(૧)

માણસ પોતાના પેટ માટે પ્રવૃત્તિ કરે છે, તો પશુપક્ષી જીવજંતુઓ વગેરે સારાસાર વિચારહીન પ્રાણીઓ પણ પેટ માટે સર્વ પ્રવૃત્તિ કરે છે, પરંતુ માનવ અને ઈતર પ્રાણીઓ વચ્ચે એક મોટું અંતર છે, તે ''ધી'' નું 'બુદ્ધિ'નું માનવ હિત અને અહિતનો ખ્યાલ રાખી શકે છે, શું સારું કે શું નઠારું એ વિચારી શકે છે, શાનાથી લાભ અને શાનાથી ગેરલાભ એ સમજી શકે છે, ઈતર પ્રાણીઓને આવું કશું નથી અને તેથી માનવ બધાં પ્રાણીઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે પણ એ પ્રભુત્વ અધિકાર નથી, પરંતુ સમભાવી વર્તન માટે છે. અસમભાવ આવતાંજ માનવ 'પશુવૃત્તિ'નો બની જાય છે. પછી એ માનવ રહેતો નથી. 'ધર્મ' એ તેથી માનવ માટે છે એ દર્શાવવા ધર્મલક્ષણોને આત્મસાત્ કરે છે, ત્યારે સાચો ધર્મિષ્ઠ બને છે, બાકી એ ધર્મ પાળવાનો દંભ કરનારો હકીકતે 'અધાર્મિક' છે. એ લોકોની નિંદાને પાત્ર બને છે. 'ધર્મ'નો ભાષાઓમાં પર્યાય જોઈતો હોય તો એ માત્ર એક શબ્દ છે, અને એ 'નીતિ' ધર્મનાં પેલાં દસે લક્ષણ 'નીતિ'માં એટલાં જ બંધ બેસી રહે છે.

- કે. કા. શાસ્ત્રી

(૨)

આપણા દેશની શિક્ષણ સંસ્થાઓને પૂર્વ-પશ્ચિમના મિલનનું ક્ષેત્ર બનાવવી એવી મારી અંતરની ઈચ્છા છે. દુન્યવી લાભના ક્ષેત્રમાં માણસનો વિરોધ મળ્યો નથી અને સહેજે મળવાનો પણ નથી જે ગૃહસ્થ કેવળ પોતાના કુટુંબને પાળે છે, આતિથ્ય કરવામાં જે કૃપણ છે તે દીનાત્મા છે માત્ર ગૃહસ્થ જ નહિ, પ્રત્યેક દેશ પણ જો માત્ર પોતાની ભોજનશાળાથી જ સંતોષ માને તો તે ચાલવાનું નથી, તેણે અતિથિશાળા પણ નિભાવવી પડશે. જ્યાં વિશ્વનું આતિથ્ય કરી તે ધન્ય થાય શિક્ષણક્ષેત્ર એજ એની પ્રધાન અતિથિશાળા છે. દુર્ભાગી ભારતવર્ષમાં આજે શિક્ષણની જે કંઈ સરકારી વ્યવસ્થા પંદરઆની બીજી પાસે વિદ્યાની ભીખ માંગવાની વ્યવસ્થા છે ભિક્ષા એ જ જેનો ગુજારો છે તે આતિથ્ય ન કરવાની લજ્જા પણ ખોઈ બેસે છે એથી જ પોતે વિશ્વનું આતિથ્ય કરતી નથી. એ ભારતની શિક્ષણ સંસ્થાઓને ગ્રાહય નથી. તેઓ કહે છે, ''અમે ભિખારી છીએ, અમારી પાસે કોઈ આતિથ્યની આશા રાખતું નથી'' કોઈ કહે છે કે રાખતું નથી ? મેં તો સાભળ્યું છે કે પશ્ચિમના દેશો વારંવાર પૂછે છે કે'' ભારતનો સંદેશ ક્યાં છે ? ત્યાર પછી તેઓ જ્યારે આધુનિક ભારતને બારણે આવી કાન માંડે છે ત્યારે કહે છે'' આ તો બધા અમારા જ શબ્દોના ક્ષીણ પડઘા છે, કોઈ ચાળા પાડતું હોય એવું લાગે છે''-મારી પ્રાર્થના એટલી છે કે, ભારત આજ સમસ્ત પૂર્વ ગોળાર્ધ તરફથી અલ્પસાધનાની અતિથિશાળાની સ્થાપના કરે.

- રવીન્દ્રનાથ ટાગોર

---